# પ્રસાર ભારતી

# સમાચાર વિભાગ, આકાશવાણી, અમદાવાદ

**Date : 03-10-2023** **Morning : 7.10 to 7.20**
**Day: TUESDAY** **Regional News**

આકાશવાણી અમદાવાદ-વડોદરા પ્રાદેશિક સમાચાર કરણ મકવાણા વાંચે છે.

---

- **પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે દિલ્હી થી વડોદરા એક્સપ્રેસ વે નું ઉદ્‌ઘાટન કર્યું – આ એક્સપ્રેસ વે થી દિલ્હી થી વડોદરા માત્ર 10 કલાકમાં સડક માર્ગે જઇ શકશે.**
- **રાજયમાં રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની વિવિધ કાર્યક્રમો દ્વારા ઉજવણી કરવામાં આવી.**
- **ગાંધી જયંતિ નિમિત્તે મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલ સહિત અનેક મંત્રીઓએ ખાદીની ખરીદી કરી.**
- **મુખ્યમંત્રી ભુપેન્દ્ર પટેલે ગઇકાલે કચ્છ જીલ્લાના નખત્રાણા તાલુકાના સાયંરા ખાતેથી યક્ષ ભાતીગળ મેળાનો શુભારંભ કરાવ્યો.**
- **રાજયમાં વન્ય પ્રાણી સપ્તાહ દરમિયાન રાજયના તમામ અભ્યારણો – રાષ્ટ્રીય ઉદ્યાનોમાં 100 ટકા પ્લાસ્ટિક ફ્રી બનાવવાનું અભિયાન હાથ ધરાશે.**

---

(ન્યૂઝ બ્રેક – આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો)

(સમાચારને અંતે – આકાશવાણીના અમદાવાદ-વડોદરા કેન્દ્ર પરથી સમાચાર પૂરા થયા )

# PM Express Way

પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીએ ગઇકાલે દિલ્હીથી વડોદરા એક્સપ્રેસ વેનું ઉદ્ઘાટન કરીને રાષ્ટ્રને સમર્પિત કર્યો હતો. આ એક્સપ્રેસ વે ખુલ્લો મુકવામાં આવતા હવે ફકત 10 કલાકમાં દિલ્હીથી વડોદરા સડક માર્ગે જઇ શકશે. આ એક્સપ્રેસ વે 11 હજાર 895 કરોડ રૂપિયાના ખર્ચે તૈયાર કરવામાં આવ્યો છે.

પ્રવાસીઓ હવે તેજસ ટ્રેનની સફર કરતા પણ વધુ ઝડપે દિલ્હીથી વડોદરા પહોંચી શકશે આ એકસપ્રેસ વે દિલ્હીથી મુંબઇ સુધીના એકસપ્રેસ વે નો ભાગ છે.

કેન્દ્ર સરકારે આ એકસપ્રેસ વેને દેશમાં કનેકટીવીટી વધારવા માટેની પહેલ ગણાવી છે.

---

-એજન્સી, અજય ઇન્દ્રેકર -(નવીન)

# CM - GANDHI JAYANTI

ગઇકાલે રાષ્ટ્રપિતા મહાત્મા ગાંધીની 154મી જન્મજયંતિની દેશભરમાં ઉજવણી કરવામાં આવી હતી. દેશ વિદેશમાં રાષ્ટ્રપિતાને શ્રદ્ધાંજલી આપવાના શ્રેણીબદ્ધ કાર્યક્રમોનું આયોજન કરાયું હતું. નવી દિલ્લીમાં રાજઘાટ ખાતે બાપુના સમાધિ સ્થળે સર્વ ધર્મ પ્રાર્થના સભાનું આયોજન કરવામાં આવ્યું હતું.

મહાત્મા ગાંધીજીની જન્મજયંતિ નિમિત્તે રાજ્યમાં પણ વિવિધ કાર્યક્રમો યોજાયા હતા. અમદાવાદમાં સાબરમતી આશ્રમ અને પોરબંદરમાં મહાત્મા ગાંધીના જન્મસ્થળ કીર્તિ મંદિર ખાતે આયોજિત સર્વધર્મ પ્રાર્થનામાં મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ભાગ લીધો હતો.

આ પ્રસંગે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે જણાવ્યું કે પ્રાર્થનાથી આત્મા શુદ્ધ થાય છે, અને તેથી જ વિશ્વભરમાંથી પ્રવાસીઓ અહીં આવે છે. મહાત્મા ગાંધીના ખાદીના વિચારોને સાકાર કરવા આત્મનિર્ભર ગુજરાતથી આત્મનિર્ભર ભારત સંદર્ભમાં ખાદીને ગુજરાતમાં પ્રોત્સાહન આપવામાં આવી રહ્યું છે.

સ્વચ્છતા હી સેવા અભિયાન અંતર્ગત ગઇકાલે આકાશવાણીના અમદાવાદ કેન્દ્રમાં સ્વચ્છતા અભિયાનનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં આકાશવાણીના જુદાજુદા વિભાગોના કર્મચારીઓ સાથે મળીને સફાઇ અભિયાનમાં જોડાયા હતા અને સ્વચ્છતાના શપથ લીધા હતા.

. . . . . . . . . . . . . . . .

રીપીટ

# SHASTRIJI JAYANTI

ગઇકાલે પૂર્વ પ્રધાનમંત્રી  લાલ બહાદુર શાસ્ત્રીની જન્મ જયંતિ પ્રસંગે રાષ્ટ્રપતિ દ્રૌપદી મુર્મુ, ઉપરાષ્ટ્રપતિ જગદીપ ધનખડ  અને પ્રધાનમંત્રી  મોદીએ રાષ્ટ્રીય રાજધાનીમાં લાલ બહાદુર શાસ્ત્રીના સ્મારક વિજય ઘાટ ખાતે તેમને પુષ્પાંજલિ અર્પણ કરી હતી.

શ્રી મોદીએ લાલ બહાદુર શાસ્ત્રીની સાદગી, રાષ્ટ્ર પ્રત્યેનું સમર્પણ અને જય જવાન, જય કિસાનનું પ્રતિકાત્મક આહ્વાન આજે પણ પેઢીઓને પ્રેરણા  આપતું હોવાનું કહ્યું હતું.

. . . . . . . . . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# CM KHADI

ગાંધી જયંતિ નિમિત્તે મુખ્યમંત્રી સહિત રાજયના અનેક મંત્રીઓએ ખાદીની ખરીદી કરી.

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલ ગઇકાલે ગાંધી જયંતિ નિમિત્તે ખાદીની ખરીદી કરીને પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદી પ્રેરિત ખાદી ફોર નેશન,ખાદી ફોર ફેશન,ની મુહિમમાં સહભાગી થયા હતા.

સ્વદેશીના પ્રતીક સમાન ખાદીની ખરીદી કરીને મુખ્યમંત્રીએ લોકલ ફોર વોકલ અને આત્મનિર્ભર ભારતના સૂત્રોને સાકાર કરવાની દિશામાં પોતાનું યોગદાન અર્પણ કર્યું હતું.

ઉદ્યોગ મંત્રી બલવંતસિંહ રાજપુતે ગાંધીનગર ખાતેથી ખાદીની ખરીદી કરી હતી. મંત્રી શ્રી રાજપુતે કહ્યું હતું કે, રાજ્યમાં ખાદીનું વેચાણ વધવાથી ૨૩૦ જેટલી માન્ય ખાદી સંસ્થા-મંડળીઓમાં રોજગારી વધી છે. છેલ્લા આઠ વર્ષમાં દેશમાં અંદાજે ૧ કરોડ ૭૫ લાખ નવી રોજગારીનું સર્જન થયું છે. ખાદીને 'લોકલથી ગ્લોબલ' માર્કેટ આપવાની દિશામાં દેશ આગળ વધ્યો છે.

દેશમાં રોજગારીનું સર્જન થાય, નાગરિકો સ્વદેશી વસ્તુઓ અપનાવવા પ્રેરિત થાય તે હેતુથી સૌ નાગરિકોને સામૂહિક ખાદી ખરીદવા તથા પહેરવા ઉદ્યોગમંત્રીશ્રીએ આહવાન કર્યું હતું. રાજ્યમાં આજથી ૩૧ ડિસેમ્બર સુધી ખાદીના વેચાણ પર ૨૦ ટકાનું વળતર આપવામાં આવશે તેમ મંત્રીશ્રીએ ઉમેર્યું હતું.

---

-માહિતી, અજય ઇન્દ્રેકર -(નવીન)

# Patan Gandhi Jayanti

મહાત્મા ગાંધીની જન્મ જયંતિ નિમિત્તે પાટણ જિલ્લા અને શહેર ભાજપ દ્વારા સમૂહમાં ખાદીની ખરીદી કરીને સ્વચ્છતા કાર્ય કરવામાં આવ્યું હતું.

ભાજપના આગેવાનો, કાર્યકરો અને મહિલાઓ શહેરના હિંગળાચાચર ચોકથી સમૂહમાં ખાદી ખરીદવા રેલી કાઢીને નીકળ્યા હતા અને ઉત્સાહભેર ખાદીની ખરીદી કરી હતી.

---

-પીટીસી, પાટણ, અંકિત, -(નવીન)

# CM- KUTCH YAKSH MELO

મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે ગઇકાલે કચ્છ જિલ્લાના નખત્રાણા તાલુકાના સાયંરા ખાતે યક્ષ ભાતીગળ મેળાનો શુભારંભ કરાવ્યો હતો.

શ્રી પટેલે સંબોધન કરતાં જણાવ્યુ કે, યક્ષનો મેળો, માતાનો મઢ, હાજીપીર, કોટેશ્વર, રવેચી, જેસલ-તોરલ સમાધિ, નારાયણ સરોવર અને લખપત ગુરુદ્વારા જેવા ધાર્મિક-ઐતિહાસિક સ્થાનકો કચ્છની આગવી લોક સંસ્કૃતિના ધબકાર છે. શ્રી પટેલે નાની ગ્રામ પંચાયતના સહયોગથી યોજાયેલા મોટા યક્ષના ભવ્યમેળાને ગ્રામ પંચાયતોના સશક્તિકરણનું જ્વલંત ઉદાહરણ ગણાવ્યો હતો.

## (સી.એમ. બાઇટ)

અમારા કચ્છના પ્રતિનિધિ હેમાંગ પટ્ટણીના જણાવ્યા પ્રમાણે ૧ હજાર ૨૮૨મી વખત યોજાઈ રહેલા આ ભવ્ય મેળાનો પ્રથમવાર મુખ્યમંત્રીના હસ્તે શુભારંભ થયો છે.

. . . . . . . . . . . . . . . . . .

રીપીટ

# MID BREAK- NEWS- REGIONAL

આ સમાચાર આપ આકાશવાણીના અમદાવાદ- વડોદરા કેન્દ્ર પરથી સાંભળી રહ્યા છો. વધુ સમાચાર આપ અમારી વેબસાઇટ newsonair.gov.in/Gujarati પર વાંચી શકશો..

.......................................

# Wildlife Week

રાજયમાં બીજીથી આઠમી ઓકટોબર સુધી વન વિભાગ દ્વારા તમામ 33 જીલ્લા અને 250 તાલુકાઓમાં વન્ય પ્રાણી સપ્તાહની વિવિધ રીતે ઉજવણી કરવામાં આવશે. જેમાં સ્વચ્છ ભારત અભિયાનના ભાગરૂપે રાજયના તમામ અભ્યારણોમાં રાષ્ટ્રીય ઉદ્યાનોના વિસ્તારોને 100 ટકા પ્લાસ્ટિક ફ્રી બનાવવાનું અભિયાન હાથ ધરશે.

અગ્ર મુખ્ય વનસંરક્ષક એન. શ્રીવાસ્તવે આ અંગે માહિતી આપતા જણાવ્યું હતું કે, નાગરિકોમાં વન્ય જીવન અને વન્ય પ્રાણી સૃષ્ટિ પ્રત્યે જનજાગૃતિ ફેલાય એવા કાર્યક્રમોનો સમાવેશ કરવામાં આવ્યો છે. વન્ય પ્રાણી સપ્તાહ અભિયાનનો મુખ્ય હેતુ પ્રાણી સૃષ્ટિના સંરક્ષણને પ્રોત્સાહન આપવાનો છે.

વન વિભાગના અધિકારીઓ જે – તે જીલ્લાની શાળા અને કોલેજોમાં વન્ય જીવોની જાણકારી આપીને સપ્તાહની ઉજવણી કરશે.

આ ઉપરાંત મહાનુભાવોની  હાજરીમાં ચિત્ર સ્પર્ધા, શહેરોની દિવાલો પર પેઇન્ટીંગ કરવા સાથે જીલ્લાવાર નેચર એજ્યુકેશન શિબિરનું અને જંગલ વિસ્તારોમાં ટ્રેકીંગનું આયોજન કરાશે.

---

-ડેસ્ક, અજય ઇન્દ્રેકર -(નવીન)

# Wildlife PTC

69મા વન્યપ્રાણી સપ્તાહની ઉજવણી નિમિતે દક્ષિણ ડાંગ વનવિભાગ હેઠળની વાંસદા નેશનલપાર્ક રેંજમાં ગઇકાલે દોડનું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં રાજ્યના વિવિધ જિલ્લાઓમાંથી ૩૫૦ થી વધુ ઉત્સુક દોડવીરોએ ભાગ લીધો હતો.

દમણમાં 69મા વન્યજીવન સપ્તાહ નિમિત્તે દેવકા ઈકો પાર્ક ખાતે મેન્ગ્રોવ ઈકોલોજીના રક્ષણ માટે કાર્યક્રમનું આયોજન કરાયું હતું. દાદરા અને નગર હવેલીના વન સંરક્ષક રાજતિલક દ્વારા કાર્યક્રમમાં જોડાયેલા વિદ્યાર્થીઓને મેન્ગ્રોવ ઈકોલોજીના રક્ષણ માટે અપીલ કરવામાં આવી હતી.

આ કાર્યક્રમ બાદ સિલવાસાના સાતમાલિયામાં વનવિભાગે વિદ્યાર્થીઓ માટે ટ્રેકિંગનું આયોજન કર્યું હતું. આ કાર્યક્રમમાં NIFTના ડાયરેક્ટર ડો.સંદીપ સચાન, ફેશન મેનેજમેન્ટ સ્ટડીઝ વિભાગના વડા પી. વિધુ શેખરે હાજરી આપી પોતાના વિચારો રજૂ કર્યા હતા.

---

- પીટીસી/ડાંગ/દમણ, અંકિત પ્રજાપતિ -(નવીન)

# MLA Naresh Patel

ધારાસભ્ય નરેશ પટેલે ગણદેવીનાં ધોલાઈ બંદર-જેટી ઉપર ગઇકાલે એક બાળકને મધદરિયે બચાવનારા બોટ માલિક અને ખલાસીઓનું જાહેર સન્માન કર્યું.

સુરત ડુમ્મસનાં દરીયાની ભરતીમાં ૧૪ વર્ષીય તરુણ ગણપતિનાં પાટલાને સહારે ૧૮ નોટીકલ માઈલ દૂર જીવન મરણ વચ્ચે ઝઝૂમી રહ્યો હતો ત્યારે માછીમારી કરવા નીકળેલી નવદુર્ગા બોટનાં માલિક રસીક ટંડેલ અને ૮ ખલાસીઓએ તેને બચાવી લીધો હતો અને ધોલાઈ બંદરે લાવ્યા હતા. તેમણે મધદરિયે પ્રેરણાદાયી માનવતા થકી લોકોનાં દિલ જીતી લીધા હતા.

---------------------------------------------------------------------

- પીટીસી/નવસારી /અશોક પટેલ

અંકિત પ્રજાપતિ -(નવીન)